ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૧ | અંક: ૭ | જાન્યુઆરી-૨૦૨૬
કિંમત: ૧૦/-



## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ સ્વામીના પ્રાગટ્ય દિવસ (જન્મદિવસ) પર

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન



**શુભ તારીખ**

8 ફેબ્રુઆરી, 2026 - રવિવાર

**શુભ સ્થળ**

ચંદ્રમૌલેશ્વર હોલ, નારાયણ નગર, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

સવારે ૧૦ થી ૧ કલાક સુધી

ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના પ્રાગટ્ય દિવસે મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઇને જીવનને ધન્ય બનાવીએ....

/sadguruomrushi | M.:9429208997, 9376334289, 9537220959



॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જાન્યુઆરી-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૦૭
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

નવું વર્ષ-૨૦૨૬નું આપ સર્વ ૐકાર સંપ્રદાય મેગેઝિન સાથે જોડાયેલ ભક્તજનો માટે આ નવું વર્ષ સમૃદ્ધિ અને શાંતિ સાથે પસાર થાય. પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય ગુરુજીના આશીર્વાદથી આપ સૌના જીવનમાં કુશલ-મંગલ હોય, મંત્ર અને મંત્રશક્તિપાતના માધ્યમથી આપનું કલ્યાણ થાય અને ૐકાર ચાલીસાની સાથે-સાથે અન્ય ગુરુજીની રચિત ચાલીસાઓ આપના જીવનમાં માર્ગદર્શન પૂરું પાડે અને યોગ્ય દિશા બતાવે એવા શ્રી ક્ષેત્રપાળવીરના દિવ્ય આશિષ સાથે આપનું વર્ષ પસાર થાય.

નવા વર્ષની શરૂઆતમાં જ ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના 'મા હસે' અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

## 'મા હસે'

**મા હસે, બચ્ચા હસે, હસતું રહે આખ્ખું જગત,**
**આ નવા વર્ષે છે મારી જિદ્દ હઠ ને એ જ લત ;**
**અંતમાં જેના સમસ્ત બ્રહ્માંડનું કલ્યાણ હો,**
**ચાલ રમીયે આપણે બે એવી કો સુંદર રમત ;**
**શત્રુની પણ આંખ ભીની જોઇ મુસ્કુરાઉ હું,**
**એટલું થાવું નથી ભૂલથીય પણ મારે સખત ;**
**હા મને પથ્થર નહિ દેખાય છે ઝરણા ફક્ત**
**હા મને છે શત્રુને પણ પ્રેમ કરવાની મમત.**

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||



# વસંતપંચમીનો પવિત્ર દિવસ

## "ૐઋષિના સાત જન્મોની તપસાધનાના ફળ સ્વરૂપ ૐઋષિ દ્વારા અપાયેલ ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત"

## "વસંતપંચમી એટલે ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રતની સ્થાપનાનો શુભ દિવસ"

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિના સાત જન્મોની તપ-સાધનાના ફળ સ્વરૂપ અને આજના ભીષણ કલિકાળ, કળિયુગમાં મનુષ્ય તેમના જીવનપથના આધિ-વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઇ શકે અને સાથે-સાથે પોતાની ઇચ્છિત મનોકામનાની પ્રાપ્તિ કરી શકે તેવું દિવ્ય, ચમત્કારિક વ્રત એટલે "ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત".

પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે આપવામાં આવેલ સંકલ્પસિદ્ધિ વ્રત જે કોઇપણ વ્યક્તિ શ્રદ્ધા-ભાવપૂર્વક કરશે તેમને ઇચ્છિત ફળની પ્રાપ્તિ ચોક્કસ અને નિશ્ચિતપણે થશે.

આ વ્રત કઇ રીતે કરવું તેની માહિતી આપ ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી મેળવી શકશો.

**(મો) 9429208997**



॥ ૐ નમઃ ॥

# મહાશિવરાત્રિના પાવન પર્વ પર ભગવાન શિવની ઊર્જા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા ચમત્કારિક મંત્રસાધના

મહાશિવરાત્રિના પાવન દિવસથી ભગવાન શિવની આરાધના કરવા માટે આજે હું આપને ૩૬ દિવસની સાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર આસમાની કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એક મુઠ્ઠી સફેદ તલની ઢગલી કરવી અને બીલીપત્રના પાંચ પાન લઈ એક ઉપર એક થપ્પી કરીને મુકવા. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ શિવા ચક્રનું કટીંગ કરીને લેમીનેશન કરાવી દેવું અને તેને પણ સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલ મંત્ર ૨૭ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| **સાધના કેટલા દિવસ કરવી?** | : | **આ સાધના ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને સાધના કરવી.** |
| **સાધના કરવાનો સમય** | : | **આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.** |
| **સ્થાપન કરવાનો સમય** | : | **મહાશિવરાત્રિના દિવસે સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું.** |
| **કયા કલરનું વસ્ત્ર પહેરવું?** | : | **કોઇપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.** |


**સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જિત કરી દેવી.**

**મંત્ર : ॥ ૐ શિવાત્ય ઊર્જાતુ નમો નમઃ ॥**

## ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ શિવા ચક્ર




॥ ૐ નમઃ ॥



## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

### શ્રીવિદ્યા મહાસાધના (સૌ પ્રથમ મંત્ર શક્તિપાત દ્વારા)

# ૐ મહાશિવરાત્રી મહાશિવા મહાધ્યાન



(1) ભગવાન શિવની ઊર્જા આપના સુક્ષ્મ શરીરથી જોડાશે અને ધ્યાન તરત લાગશે.
(2) શ્રીવિદ્યા લક્ષ્મી મહાસાધના આર્થિક કાર્યસિદ્ધિની દિશામાં આપશ્રીને આગળ વધારશે.
(3) નકારાત્મક ઊર્જા આપના ઉપર સક્રિય થઈ શકશે નહિ.
(4) શિવાઊર્જા હિલીંગની નવી ટેકનીક આપશ્રીને શીખવાડવામાં આવશે.
(5) કુંડલિની શક્તિની ઊર્જા આપની ઓરામાં સક્રિય થઈ શકે એવી રીતે સાધના કરાવવામાં આવશે.

**શુભ તારીખ**
૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬
રવિવાર

**શુભ સમય**
સાંજે ૪ થી ૬ કલાક સુધી

**શુભ સ્થળ**
**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**ખાસ નોંધ :** આપનું તેમજ આપના પરિવારજનોનું નામ સત્વરે નીચે આપેલા મોબાઇલ નંબર પર વોટ્સએપ કરીને નોંધાવી દેવું. જેથી વહેલા તે પહેલાના ધોરણે આપને સ્થાન આપી શકાય.




**(મો) 9429208997**

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની
### પાવન નિશ્રામાં યોજાયેલ

# ૐ શ્રી નવગ્રહ લક્ષ્મીકુબેર મહાપૂજન

પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં યોજાયેલ આ અલભ્ય અને દુર્લભ મહાપૂજન ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. આ મહાપૂજનમાં પરમ પૂજ્ય ગુરુજીએ દિવ્ય ઔષધિઓ, મંત્ર અને મંત્રશક્તિપાતના અદ્‌ભૂત સમન્વય સાથે મહાપૂજન કરાવેલ. જેના દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક....








ॐ श्री नवग्रह लक्ष्मीकुबेर महापूजन






ॐ श्री नवग्रह लक्ष्मीकुबेर महापूजन










नवग्रह
ता.28/12/2025

नवग्रह
ता.28/12/2025

नवग्रह
ता.28/12/2025

नवग्रह लक्ष्मीकुबेर


















# મારા જીવનની ફિલોસોફી

(સંપૂર્ણ સત્ય ઘટના)

મારું અત્યાર સુધીનું જીવન અનેક અનુભવોમાંથી પસાર થયેલું છે. એ અનુભવોની હારમાળામાં કેટલાંક અનુભવો એવા પણ છે કે જેમાં મેં લાખો લોકોને મુશ્કેલીમાં સપડાતા અને દુઃખી થતાં જોયા છે.

મારા જીવનનો આવો જ એક અનુભવ જે મને 26 જાન્યુઆરી, 2001 ના રોજ ગુજરાતમાં આવેલા ખૂબ જ ભયંકર ભૂકંપના કારણે થયો હતો. મારા એ અનુભવના સાક્ષી હું આપને આજે બનાવવા જઇ રહ્યો છું.

હું 26 જાન્યુઆરી, 2001 ના રોજ અમદાવાદમાં આવેલી સામવેદ હોસ્પિટલમાં દાખલ હતો. ડો. ભરત પટેલે મારા હીપ રીપ્લેસમેન્ટનું ઓપરેશન અઠવાડિયા પહેલા એટલે કે 18 જાન્યુઆરી, 2001 ના રોજ કર્યું હતું. એ વખતના સમયમાં Knee Replacement અને Hip Replacement કરીને પંદર દિવસ સુધી હોસ્પિટલમાં રાખવામાં આવતા હતાં.

26 જાન્યુઆરી, 2001 ની સવારે છ વાગે હું જાગી ગયો હતો. દૈનિક ક્રમ પતાવી અને હું મારા મંત્ર જાપ કરી રહ્યો હતો. મારા માતૃશ્રી ખુરશી ઉપર બેસી ટી.વી. પર ચાલતી 'જય ગણેશ' સીરીયલ જોઇ રહ્યા હતાં અને બરાબર એ સમયે અચાનક સામવેદ હોસ્પિટલનું આખું બિલ્ડીંગ હીંચકાની જેમ જોરજોરથી હલવા લાગ્યું હતું.

હું જે બેડ પર હતો એ બેડ એની મૂળ જગ્યાએથી ખૂબ હલી રહ્યો હતો. મારા માતૃશ્રી ઊભા થઇને પહેલા મારી પાસે આવીને ઊભા રહી ગયા જેથી હું પલંગમાંથી નીચે ના પડી જઉં.

"બેટા, આ શું થઇ રહ્યું છે?" મારા માતૃશ્રી ગભરાતા-ગભરાતા મને પૂછી રહ્યા હતાં.

"ખબર નથી, પરંતુ આખું બિલ્ડીંગ હલી રહ્યું છે એટલે ભૂકંપ હોવાની શક્યતાઓ છે. તું અહીંથી નીકળી જા, મારી ચિંતા ના કર. જો ભૂકંપ હશે તો મને કશું નહીં થાય. તું મને છોડીને અહીંયાથી નીકળી જા. તું તારી જાન બચાવી લે." મેં મારા માતૃશ્રીને રૂમ છોડીને નીકળી જવા માટે દબાણ કર્યું હતું.

મારા માતૃશ્રી મને છોડીને કોઇની મદદ લેવા માટે પણ જઇ શકે એમ ન હતાં, કારણકે ભૂકંપના કારણે હલતા પલંગ ઉપરથી જો હું નીચે પડી જઉં તો મુશ્કેલીઓ

ઊભી થઇ જાય, કારણકે અઠવાડિયા પહેલા થયેલા ઓપરેશનના ટાંકા પણ હજી તૂટ્યા ન હતાં. મારા માતૃશ્રી મારી પાસે બેસી મારો હાથ પકડીને ભગવાનનું નામ લઇ રહ્યા હતાં.

થોડી મિનિટોમાં જ સામવેદ હોસ્પિટલનો સ્ટાફ અમારા રૂમમાં દોડતો આવ્યો અને ચાર જણાએ મને ચાદરની ઝોળીમાં ઉંચકીને પગથિયા ઉતારીને નીચે લઇ ગયા અને સામવેદ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બીજા બધાં પેશન્ટોની જેમ મને પણ જમીન ઉપર સુવાડી દીધો હતો.

એક કલાકથી વધુ સમય સુધી હું જમીન ઉપર એ દિવસે સુતો રહ્યો અને મારા માતૃશ્રી મારી બાજુમાં જમીન ઉપર બેસીને ઘરે શું થયું હશે એની ચિંતા કરવા લાગ્યા.

"તારું આ ઓપરેશન કરેલું નિષ્ફળ તો નહીં જાયને? ઘરે શું થયું હશે? બધાં સલામત તો હશેને?" મારી માતૃશ્રીએ મારી સામે જોઇને મને પૂછ્યું હતું.

"ઘરે બધાં બરાબર જ હશે. તું ચિંતા ના કર અને રહી વાત ઓપરેશનના નિષ્ફળ થવાની તો એમાં ગભરાવાની શું જરૂર છે. આપણે વધુ એકવાર નિષ્ફળ ગયા એવું સમજીને આગળ વધવાનું અને હું તો હંમેશા માનુ છુ કે સફળતા નિષ્ફળતા એ જીવનનો ક્રમ છે." મેં આટલી મુસીબત વચ્ચે એને હસીને કહ્યું હતું એ મને બરાબર યાદ છે અને એ સમયનું દૃશ્ય મારા મગજમાં એટલું જ આબેહૂબ 22 વર્ષ પછી પણ યાદ છે.

"આટલી ગંભીર પરિસ્થિતિમાં પણ તને હસવાનું સૂઝે છે." મારા માતૃશ્રીએ મને છણકો કરતા કહ્યું હતું.

"જો મમ્મી, કુદરતે પણ કેવી કારમી મજાક કરી છે. બધાં વાતો કરે છે કે આખા ગુજરાતમાં ભૂકંપ આવ્યો છે અને ઘણી જગ્યાએ તો આખા ને આખા બિલ્ડીંગો પડી ગયા છે. ખબર નહિ, પણ મને એવું લાગે છે કે કુદરતે સમય જોયા વગર માણસની આજે આકરી પરીક્ષા અને મજાક કરી છે. કુદરતને સમય જોયા વગર મન ફાવે ત્યારે માણસની પરીક્ષા કરવાની ટેવ પડી ગઇ છે. એની ટેવ સામે મને હસવું આવે છે." આ વખતે મેં હસ્યા વગર શાંતિથી જવાબ આપ્યો.

26 જાન્યુઆરી, 2001 ના રોજ કુદરતે એની પાસે અપાર શક્તિ અને સત્તા છે એ માણસને બતાવી દીધું અને કુદરત જ્યારે ઇચ્છે ત્યારે મનુષ્યને ઝૂકાવી શકે છે અને હંફાવી શકે છે એ પણ એ દિવસે કુદરતે ફરી એકવાર સાબિત કરી આપ્યું.

એક કલાક પછી મારો નાનો ભાઇ અને પિતાશ્રી મારા નાના ભાઇના મિત્રની મારૂતિવાન લઇ આવી પહોંચ્યા. હોસ્પિટલના સ્ટાફની મદદથી મને

મારૂતિવાનમાં પાછલી સીટ ઉપર સુવાડવામાં આવ્યો. સામવેદ હોસ્પિટલથી આયોજનનગર સોસાયટી સુધી જતા જતા ભૂકંપે સર્જેલી તારાજી અમે નજરે નિહાળી રહ્યા હતાં.

"બંગલો હલવા માંડ્યો એટલે અમે બધાં ઘરની બહાર ભાગી આવ્યા. ઘર આખું હલી રહ્યું હતું. અમને લાગતું હતું કે હમણાં જ પડી જશે. ઘરમાં બધાંને તમારી ચિંતા થતી હતી એટલે હું અને પપ્પા સંકેત સાથે ભૂકંપ બંધ થયો એટલે ગાડી લઇને હોસ્પિટલ આવવા નીકળ્યા. અડધો કલાકનો રસ્તો પૂરો કરતા અમને કલાક થયો. લોકો રસ્તા ઉપર આવી ગયા છે." મારા નાના ભાઇએ મારી મમ્મી અને મારી સામે જોઇને કહ્યું હતું.

અમે ઘરે પહોંચ્યા ત્યારે અમારા ઘણાંબધા સંબંધીઓ જે ફ્લેટમાં રહેતા હતાં એ બધાં અમારા બંગલે આવી ગયા હતાં. મારા પિતાશ્રીએ બધાંને અહીંયા જ રોકાવા માટે કીધું હતું, કારણકે એ વખતે એવું લાગી રહ્યું હતું કે ફરીવાર ભૂકંપ આવશે.

હું મારા રૂમમાં બેડ ઉપર સુતો સુતો છતને નિહાળી રહ્યો હતો. મારા સિવાય ઘરમાં બધાં જ ભયંકર ચિંતાના વમળમાં ઘેરાયેલા હતાં. ટી.વી. પર પણ ભૂકંપના સમાચાર ચાલી રહ્યા હતાં. રાત્રે ઘરનો દરવાજો ખુલ્લો રાખવામાં આવતો હતો જેથી ભૂકંપ આવે તો તરત ભાગી શકાય. મારા પિતાશ્રીએ મને વરંડામાં સુઇ જવા ઘણો સમજાવ્યો, પરંતુ મેં મારા રૂમમાં જ સુવાની જીદને પકડી રાખી હતી.

"આખું ગામ ભૂકંપથી ડરેલું અને ગભરાયેલું છે અને તારા મોંઢા ઉપર ચિંતાની એક રેખા પણ નથી." મારા માતૃશ્રીએ મારી સામે જોઇ કહ્યું હતું.

"જો મમ્મી, મરવાનું લખ્યું હશે તો હું વરંડામાં સુઇ જઇશ તો ભૂકંપ આવશે અને બંગલો પડશે તો પણ હું મરી જઇશ અને જીવવાનું લખ્યું હશે તો મારા રૂમમાં પણ સુતો હોઇશ અને ભૂકંપ આવશે તો પણ કંઇ નહીં થાય. જે લોકો ડરેલા અને ગભરાયેલા છે એ લોકો ખોટા નથી, પરંતુ ખબર નહિ, ભૂકંપથી મને ડર લાગી રહ્યો નથી, કારણકે મારા નસીબમાં ભૂકંપથી મરવાનું લખ્યું નથી. હું ડરવા માંગતો નથી એવું નથી, પરંતુ મને ડર લાગી જ રહ્યો નથી." મેં મારા માતૃશ્રીની સામે જોઇ કહ્યું હતું.

"શું થયું? સમજ્યો?" મારા પિતાશ્રીએ રૂમમાં આવીને મારા માતૃશ્રીને પૂછ્યું હતું.

"વરંડામાં સુવાની ના પાડે છે અને લાંબી લાંબી ફિલોસોફીની વાતો કરે છે તેમજ એના નસીબમાં ભૂકંપથી મરવાનું

લખ્યું નથી એવું ફળકથન કરી રહ્યો છે." માતૃશ્રીએ ઊભા થતાં કહ્યું હતું.

હું એ બંન્નેને એ વખતે કઇ રીતે સમજાવું કે મારા નસીબમાં ભૂકંપથી મરવાનું લખ્યું નથી અને છતાં પણ એવું થાય તો જે જન્મ્યો છે એનું મૃત્યુ અટલ છે એ સત્ય હું સમજી ચૂક્યો છું. એ બંન્ને પણ આ સત્ય જાણતા જ હતાં, પરંતુ છતાંય બચવાના રસ્તા વિચારતા હતાં. દુનિયામાં જન્મ લેનાર બધાં જ જાણે છે કે મૃત્યુ અટલ છે, છતાંય બધાં જ મૃત્યુ તરફ પીઠ કરીને જીવે છે.

ભૂકંપના એક અઠવાડિયા પછી અમે સામવેદ હોસ્પિટલમાં ડો. ભરત પટેલને બતાવવા ગયા. ઓપરેશન પછી લીધેલા ટાંકા એમણે તોડી નાંખ્યા અને ઓપરેશન પછી પણ હવે હું ચાલી નહીં શકું, કારણકે ઓપરેશન પછી થનારી કસરતો થઇ શકી નથી. એમનો કહેવાનો ભાવાર્થ એટલો જ હતો કે ઓપરેશન નિષ્ફળ ગયું છે.

ઘરે પાછા આવી અમે જ્યારે ઘરના બધાં સભ્યોને ડોક્ટરે કહેલી વાત કહી ત્યારે બધાં નિરાશ થઇ ગયા. ઓપરેશનના નિષ્ફળ થવાથી હું જરાય નિરાશ ન હતો એટલું હું ચોક્કસપણે સત્ય તમને કહી રહ્યો છું.

"સફળતા-નિષ્ફળતા, સુખ-દુ:ખ, શાંતિ-અશાંતિ આ બધાં જીવનમાં આવતા સ્ટેશનો છે અને જીવન એક ગાડી છે. જો જીવનમાં આટલું સમજી લઇએ તો ગમેતેટલી મોટામાં મોટી તકલીફ પણ હળવી થઇ જાય." મેં મારા માતૃશ્રીને ઓપરેશનની નિષ્ફળતા બાદ કહ્યું હતું, કારણકે મારા ઓપરેશનની નિષ્ફળતાથી એ ખૂબ જ દુ:ખી અને વ્યથિત થઇ ગઇ હતી.

"તું અને તારી આ ફિલોસોફી સાંભળવામાં જેટલી સરળ લાગે છે, વાસ્તવિક જીવનમાં ઉતારવી એટલી જ અઘરી છે." મારા માતૃશ્રી મારી સામે જોઇ બોલ્યા હતાં.

મારા માતૃશ્રીની વાત સાંભળી મારા મોંઢા ઉપર હાસ્ય આવી ગયું હતું. કુદરત સિવાય હજી કોઇને ખબર નથી કે એ દિવસે હું કોના ઉપર હસ્યો હતો.

### ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ (NGO) દ્વારા

# નિઃસહાય વૃદ્ધ બા-દાદાને અનાજ કીટ વિતરણ

ડિસેમ્બર-૨૦૨૫માં વૃદ્ધ બા-દાદાને અનાજ કીટ વિતરણ કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૬ થી દર ત્રણ મહિને ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા નિઃસહાય સંતાનવિહોણા બા-દાદાને અનાજ કરિયાણાની કીટ પૂરી પાડવામાં આવે છે. સમાજમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી એ મહાન કાર્ય છે. આવા પ્રેરણાદાયક સેવાકાર્યો સમાજને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટના ફાઉન્ડર પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી એટલે જ આ વાક્યને સાર્થક કરતા કહે છે કે "માનવસેવા એ જ પ્રભુસેવા"...



















# ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આયોજીત


## નિ:સહાય બા-દાદાને અનાજ કીટ વિતરણ માટે

## આર્થિક યોગદાન આપનાર પુણ્યશાળી દાતાશ્રીઓની યાદી

૧. દાતાશ્રી કલ્પેશભાઇ દત્તા
૨. દાતાશ્રી ભરતભાઇ દત્તા
૩. દાતાશ્રી દીલીપભાઇ દાવડા
૪. દાતાશ્રી જીતુભાઇ ખિમાણી
૫. દાતાશ્રી હીનાબેન વિઠલાણી
૬. દાતાશ્રી પરેશભાઇ મોદી
૭. દાતાશ્રી મનોજભાઇ કક્કડ
૮. દાતાશ્રી જીગ્નેશભાઇ બગડાઇ
૯. દાતાશ્રી અજયભાઇ તન્ના
૧૦. દાતાશ્રી રાજુભાઇ ખિમાણી
૧૧. દાતાશ્રી હર્ષદભાઇ ખિમાણી
૧૨. દાતાશ્રી કિશનભાઇ ખિમાણી
૧૩. દાતાશ્રી જીગ્નેશભાઇ કારીયા



માનવસેવાના આ પુણ્યકાર્યમાં દાન આપવા બદલ
ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આપ સૌ
પુણ્યશાળી દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...



ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)



રવિવારના દિવસે સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન-2026

| તારીખ | વાર | સમય | મહાદર્શન |
|---|---|---|---|
| તા. 18-01-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 08-02-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી પ્રાગટ્યદિન દર્શન |
| તા. 01-03-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 05-04-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 03-05-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 28-06-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 29-07-2026 | બુધવાર | સાંજે ૫ થી ૮ | ગુરુપૂર્ણિમા દર્શન |
| તા. 30-08-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 27-09-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 25-10-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 22-11-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |
| તા. 20-12-2026 | રવિવાર | સવારે ૧૦ થી ૧ | ગુરુજી દર્શન |

**સ્થળઃ** અન્નપૂર્ણા હોલ, આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધઃ** ગુરુજીની પૂનમ ભરતા ભક્તોએ હવેથી ઉપર આપેલ તારીખે પૂનમ દર્શનનો લાભ લેવાનો રહેશે.

## ગુરુજી પ્રાગટ્ય દિવસ દર્શન

તા. 8-2-2026
સવારે ૧૦ થી ૧ | રવિવાર | ચંદ્રમૌલેશ્વર હોલ, નારાયણનગર, પાલડી, અમદાવાદ

## જોબમાં પ્રોબ્લેમ સોલ્વ થઇ ગયો

પરમ પૂજ્ય ગુરુજીનો ૨૦૨૬ના વર્ષ માટેનો પોડકાસ્ટ મેં જોયો જેમાં ગુરુજીએ ॥ ૐ ત્રતા નાવિ નમઃ ॥ મંત્ર આપ્યો હતો અને મારા હસ્બન્ડની જોબમાં થોડા પ્રોબ્લેમ ચાલી રહ્યા હતા. જોબ છુટી જાય તેવા સંજોગો ઊભા થયા હતા. મેં પોડકાસ્ટમાં ઉપર આપેલ મંત્રનો તરત જ નિયમિત જાપ (અગણિત જાપ) કરવાનું શરૂ કર્યું અને સાથે ૐકાર ચાલીસાનો પાઠ પણ શરૂ કર્યો.

મારા ચમત્કાર વચ્ચે ફક્ત દોઢ જ દિવસમાં મારા હસ્બન્ડનો જોબમાં જે પ્રોબ્લેમ હતો એ સોલ્વ થઈ ગયો. હવે હું ગુરુજી દ્વારા અપાયેલ મંત્ર અને ૐકાર ચાલીસા નિયમિત કરું છું. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લિ. એક ભક્ત (અમદાવાદ)

**આપ પણ આવી કોઇ મુશ્કેલીમાં સપડાયા હોય તો ॥ ૐ ત્રતા નાવિ નમઃ ॥ આ મંત્રનો અજપાજપ જાપ કરો અને ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ ઈ સદ્ગુરુ ૐઋષિ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતા ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. તેમજ ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો.**

## દાગીનાનું ખોવાયેલું બોક્સ મળી ગયું

ૐ નમઃ ... મારું સોનાનું દાગીનાનું બોક્સ ક્યાંક મુકાઈ ગયેલ. મેં ઘણી શોધખોળ કરી, પરંતુ ક્યાંયથી મને બોક્સ મળ્યું નહિ. પરમ પૂજ્ય ગુરુજી હંમેશા કહેતા હોય છે કે ૐકારધામ તીર્થમાં બિરાજિત શ્રી ક્ષેત્રપાળવીર દાદાના સાત રવિવાર ભરો આપની મનોકામના અવશ્ય પૂર્ણ થશે. મેં પરમ પૂજ્ય ગુરુજીના આ આદેશ મુજબ શ્રી ક્ષેત્રપાળવીર દાદાના રવિવાર ભરવાનું અને તેમને છત્ર ચઢાવવાનો સંકલ્પ કર્યો.

મારા આશ્ચર્ય વચ્ચે શ્રી ક્ષેત્રપાળવીર દાદાની માનતાથી મારું દાગીનાનું બોક્સ મળી ગયું. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના આશીર્વાદ સાક્ષાત છે. એમની કૃપા અમારા પરિવાર પર સતત વરસતી રહે એવી એમના શ્રીચરણોમાં દંડવત પ્રણામ સાથે ૐ નમઃ ...

લિ. ડૉ. ઉર્વી મહેતા (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ૐકારધામ તીર્થ-પાનવામાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શનાર્થે અવશ્ય જાઓ. મહિનામાં એક એવા સાત રવિવાર ભરશો તો આપને પણ અણધાર્યું પરિણામ પ્રાપ્ત થશે.**

॥ ૐ નમઃ ॥

## ॥ ૐ ત્રતા નમઃ ॥ મંત્રએ ચમત્કાર કર્યો

હું ૨૮-૧૨-૨૦૨૫ ના રોજ ૐ શ્રી નવગ્રહ લક્ષ્મીકુબેર મહાપૂજનમાં બેઠો હતો. આ મહાપૂજનમાં બેસવાના થોડા દિવસ પહેલા એક મોટી આર્થિક તકલીફ આવીને ઊભી રહી ગઈ. જેનું સમાધાન લગભગ અશક્ય હતું. હું કોઈને કહી શકું એવી અવસ્થામાં પણ ન હતો.

૨૫-૧૨-૨૦૨૫ ના રોજ હું ગુરુજીને મળ્યો અને મારી વ્યથા જણાવી. પરમ પૂજ્ય ગુરુજીએ મારા પ્રોબ્લેમનું સમાધાન બતાવતા કહ્યું કે આ મહાપૂજનમાં તું બેસી જા, તારો પ્રશ્ન હલ થઈ જશે. મહાપૂજનના દિવસે પૂજનમાં ગુરુજીની આજ્ઞાથી બેસી ગયો પરંતુ મન વ્યાકુળ હતું. મારે જેને પૈસા આપવાના હતા એ માસિક ૧૦ટકાના વ્યાજે ઘણી મોટી રકમ આપવાની થતી હતી. મહાપૂજનમાં બેઠા બાદ પરમ પૂજ્ય ગુરુજીએ ૧૦૮ દિવ્ય ઔષધિઓની આહુતિ અપાવી અને ॥ૐ ત્રતા નમઃ॥ મંત્રનો જાપ કરવાનું કહ્યું અને સાથે-સાથે ૐ ત્રતા ચક્રમાં રોજ એક સેકન્ડ માટે પણ હાથ મુકવા કહ્યું.

મેં એ દિવસે એક જ સંકલ્પ કર્યો કે મારે જેને પૈસા આપવાના છે એ પૈસા આપવા ના પડે અને મારા આશ્ચર્ય વચ્ચે કઈ રીતે શું ચમત્કાર થયો એ તો મને ખબર નથી પરંતુ આને મારી કિસ્મત કહો કે મારી જોડે ખોટી રીતે મૂડી પર ૧૦ટકા લેખે મહિનાનું વ્યાજ લેતા વ્યક્તિનું બદનસીબ, બીજા જ દિવસે સવારે એવી ખબર પડી કે એ ભાઈ ઘર છોડીને ક્યાંક જતો રહ્યો છે. જે માણસ મને રોજ મારવાની ધમકી આપતો હતો, મારા ઘરમાં આવીને અભદ્ર વ્યવહાર કરતો હતો, જે વ્યક્તિને મેં એની પાસેથી જે મૂડી લીધી હતી એના કરતા ડબલ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં ત્રાસ આપી રહ્યો હતો એ વ્યક્તિના ગુમ થવાના કારણે ઈશ્વરની ઊર્જા આ બ્રહ્માંડમાં છે અને ઈશ્વર સાક્ષાત છે એવી મને અનુભૂતિ થઈ ગઈ.

જો આવી ઘટના ના થઈ હોત તો મારા આખા પરિવારે ઝેર પીને આત્મહત્યા કરવી પડી હોત. કારણકે એના ત્રાસથી અમારો આખો પરિવાર ત્રાસી ગયો હતો. મહાપૂજનમાં બેસતા પહેલા મેં સંકલ્પ કર્યો હતો કે જો ટૂંક સમયમાં આનો નીવેડો નહીં આવે તો અમે આખો પરિવાર ઝેર પી લઈશું. મારા જીવનમાંથી શત્રુનું દૂર થવું એ મારા માટે અકલ્પ્ય બાબત હજી પણ છે. નામ હું નથી આપી રહ્યો, પરંતુ ગુરુજીનો એક શ્રદ્ધાળુ ભક્ત... મારું અને મારા પરિવારનું રક્ષણ કરનાર તેમજ સદાય લોકકલ્યાણનું કાર્ય કરનાર એવા પરમ વંદનીય ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીજીના ચરણોમાં મારા અને મારા પરિવારના કોટિ કોટિ વંદન...

લિ. એક ભક્ત (ભરૂચ)

**આપ પણ આપના જીવનમાં કોઇ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજીની આજ્ઞા પ્રમાણે સાધના, મહાપૂજન, મંત્ર અને મંત્રશક્તિપાત કરવાથી આપનું પણ કલ્યાણ ચોક્કસ થશે.**

# શ્રી ક્ષેત્રપાળવીર દાદાના આશીર્વાદ ફળ્યા

અમારા લગ્નને સાત વર્ષ થઈ ગયા હતા પરંતુ સંતાનથી અમે વંચિત હતા. એક વખત અમે શંખેશ્વર જતા હતા અને રસ્તામાં ૐકારધામ તીર્થનું બોર્ડ વાંચ્યું. એમાં શ્રી ક્ષેત્રપાળવીર દાદાનો ફોટો જોયો. હું અને મારી પત્ની એકસાથે બોલ્યા કે અહીં ગાડી ઊભી રાખીએ. અમને કાયમ એવું રહ્યું છે કે અમે એકસાથે બંન્ને બોલીએ ત્યારે કુદરતનો કોઈ સંકેત અચૂક હોય.

અમે શ્રી ક્ષેત્રપાળવીર દાદાના મંદિરમાં ઊભા રહ્યા અને સંતાન પ્રાપ્તિ માટેની મનોકામના કરી. ત્યાંના મેનેજરે અમને સાત રવિવાર ભરવા માટેની સલાહ આપી અને સાથે શ્રી ક્ષેત્રપાળવીરનું યંત્ર ભેટ સ્વરૂપે આપ્યું. અમે આ રીતે સાત રવિવાર ભરવાનો સંકલ્પ કરીને ૐકારધામ તીર્થમાંથી બહાર નીકળ્યા. અમે મેડીકલ ટ્રીટમેન્ટ કરાવી હતી પરંતુ અત્યાર સુધી કોઈ સફળતા મળી ના હતી. ડૉક્ટરે એમ કહ્યું હતું કે હમણાં છ મહિના કોઈ મેડીકલ પ્રક્રિયા કરવી નથી.

શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચાર રવિવાર પૂર્ણ કર્યા બાદ પાંચમા મહિને મારી પત્ની ગર્ભવતી બની ગઈ. અમારા પતિ-પત્ની માટે તો આ એકમાત્ર જીવનની ઈચ્છા પરિપૂર્ણ થઈ હોય એવો અનુભવ કર્યો. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના આ અદ્ભૂત ચમત્કારનો પરચો અમે અનુભવ્યો. આ ઘટના અમારા જીવનમાં એક દિવ્ય ચમત્કાર બનીને ઉભરી. શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચરણોમાં કોટિ કોટિ નમન...

લિ. મીના અને બીરેન શાહ (વડોદરા)

**આપ પણ આવા કોઇ પ્રશ્નથી પરેશાન હોય તો ૐકારધામ તીર્થ-પાનવામાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શનાર્થે મહિનામાં એક એવા સાત રવિવાર ભરો. આપની પણ મનોકામના અવશ્ય પૂરી થશે.**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં ઈલાયચીના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી વસ્ત્રમાં ઘઉંના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લીલા વસ્ત્રમાં કાજુના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ ગુલાબી વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૧-૨૦૨૬ | બુધવાર | ૐ લક્ષ્મીત્ય | ૦૬-૨-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધનિષા |
| ૨૨-૦૧-૨૦૨૬ | ગુરુવાર | ૐ ધનીતા | ૦૭-૨-૨૦૨૬ | શનિવાર | ૐ વજત્ય |
| ૨૩-૦૧-૨૦૨૬ | શુક્રવાર | ૐ કુબેરદેવ | ૦૮-૨-૨૦૨૬ | રવિવાર | ૐ શ્રી મહાદેવી |
| ૨૪-૦૧-૨૦૨૬ | શનિવાર | ૐ બગલામુખીદેવી | ૦૯-૨-૨૦૨૬ | સોમવાર | ૐ ધનશાંતિલક્ષ્મીદેવી |
| ૨૫-૦૧-૨૦૨૬ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૦-૨-૨૦૨૬ | મંગળવાર | ૐ વાલમલક્ષ્મીદેવી |
| ૨૬-૦૧-૨૦૨૬ | સોમવાર | ૐ રાજલક્ષ્મીદેવી | ૧૧-૨-૨૦૨૬ | બુધવાર | ૐ રાજસ્યલક્ષ્મીદેવી |
| ૨૭-૦૧-૨૦૨૬ | મંગળવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી | ૧૨-૨-૨૦૨૬ | ગુરુવાર | ૐ ત્રતાલક્ષ્મીદેવી |
| ૨૮-૦૧-૨૦૨૬ | બુધવાર | ૐ ગજલક્ષ્મીદેવી | ૧૩-૨-૨૦૨૬ | શુક્રવાર | ૐ રક્ષત્યલક્ષ્મીદેવી |
| ૨૯-૦૧-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગુરુદેવ | ૧૪-૨-૨૦૨૬ | શનિવાર | ૐ ધનસિધ્ધાકુબેર |
| ૩૦-૦૧-૨૦૨૬ | શુક્રવાર | ૐ બુધદેવ | ૧૫-૨-૨૦૨૬ | રવિવાર | ૐ મહાધામકુબેર |
| ૩૧-૦૧-૨૦૨૬ | શનિવાર | ૐ સૂર્યદેવ | ૧૬-૨-૨૦૨૬ | સોમવાર | ૐ સર્વતાલક્ષ્મીદેવી |
| ૦૧-૨-૨૦૨૬ | રવિવાર | ૐ શુક્રદેવ | ૧૭-૨-૨૦૨૬ | મંગળવાર | ૐ પ્રાજમલક્ષ્મીદેવી |
| ૦૨-૨-૨૦૨૬ | સોમવાર | ૐ શનિદેવ | ૧૮-૨-૨૦૨૬ | બુધવાર | ૐ શ્રી વિજયાદેવી |
| ૦૩-૨-૨૦૨૬ | મંગળવાર | ૐ ચંદ્રદેવ | ૧૯-૨-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગુરુલક્ષ્મીદેવી |
| ૦૪-૨-૨૦૨૬ | બુધવાર | ૐ મંગળદેવ | ૨૦-૨-૨૦૨૬ | શુક્રવાર | ૐ શુક્રતાલક્ષ્મીદેવી |
| ૦૫-૨-૨૦૨૬ | ગુરુવાર | ૐ કેતુદેવ | | | |

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

## સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**18 જાન્યુઆરી, 2026**
**રવિવાર**

**શુભ સ્થળ**

**શુભ સમય**

**સવારે**
**10 થી 1 કલાકે**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**